# Ana(n)t Nā Nav Chhugā

## Day 9: Chhugo Navmo

# છૂગો નવમો

આશાજી નવ છૂગાની પાગજ બાંધો, તે બાંધો, મોરા વરજી;
આકડાનું સૂતર નારીએ કાત્યું, જાણો મારા નર નીકલંકી નાથ–અલી.૧

આશાજી પિતાજી મારે મોટાઈ કીધી, તો કીધી સતની ખોટજી;
તારે વજરની ભીતજ નીપની, અને આવી દીદારની ખોટ–અલી.૨

આશાજી પીર સદરદીન તપજ કર્યા. જે સતે સાચો હુઓ દાસજી;
ઊંધે મુસ્તક તપજ સાધ્યું મૌલા પૂરો હમારી આશ અલી.૩

આશાજી હું છું અપરાધણુ સાચી નારીના વર તમે જાણોજી;
દીધા કોલ મૌલા તમેજ પાળજો, તમે નારીના વર રાજા–અલી.૪

આશાજી છ માસ સુધી ગુરે તપજ સાધ્યા, રૂદન કર્યા અપારજી;
અન્ન પાણી ગુરે મેલ્યા, તારે નારીની કીધી સાર–અલી.૫

આશાજી નરે જયારે નજરજ કર્યા તારે પૂરી મનની આશજી,
તારે વજરની ભીતજ ગલી, પોતા નરને પાસ –અલી.૬

આશાજી ગુર જયારે દરશન ભેટયા સાહેબે કીધી સંભારજી;
તારે સૂજદો દઈને નારી વીનવે, અરદાસ કરે અપાર–અલી ૭

આશાજી હું છઉં અપરાધણુ પાપણી તમે છો બક્ષણહારજી;
બંદા દોસારી સદા અપરાધી, શાહજી ઊતારો પાર–અલી.૮

આશાજી બાર કરોડ જીવડા તાર્યા સરબંધ બાંધ્યો સીર પરજી;
તારે પીર હશન કબીરદીને પાગ લઈ આગલ ધરી તમે બાંધો મારા
અલીવર દાતાર–અલી.૯

આશાજી નવ છૂગાની શાહ પાગજ બાંધો. વીનવે ઊભી ઘરની નારજી;
અણુત તે માંહે વણ્યો હતો તે દીધો હસન શાહને સાર–અલી અનત.૧૦